COVID-19 VACCINATION

# LET'S DO THIS – Gujurati

NSW GOVERNMENT

# બાળકો માટે COVID-19 રસીકરણ (૫-૧૧ વર્ષ)

આજે જ બુક કરો

## શા માટે ૫ – ૧૧ વર્ષના બાળકોને COVID-19 સામે રસી આપવી જોઇએ?

COVID-19 એક વાયરસ છે જેનાથી ગંભીર બીમારી અને મૃત્યુ તથા લાંબા સમય માટે આરોગ્યને લગતી સમસ્યાઓ થઇ શકે છે. તે સરળતાથી લોકોમાં ફેલાય શકે છે અને ઘણીવાર તેના થોડાંક લક્ષણો હોય છે અથવા સહેજ પણ લક્ષણો હોતા નથી, જેથી તમે તેનો ચેપ બીજાને લગાડો તે પહેલાં તમને ચેપ લાગેલો છે તે જાણવું મુશ્કેલ હોય છે.

બાળકોમાં COVID-19નો ચેપ પુખ્ત વયના લોકોની સરખામણીમાં ઘણો હળવો હોય છે, છતાં બાળકોને રસી આપવા માટે મજબૂત કારણો છે:

- રસીઓ રોગપ્રતિકારક શક્તિને મદદ કરે છે. તમારા બાળકને રસી આપીને, તમે તેમને COVID-19થી થતી ગંભીર બીમારી અને સંભવિત લાંબા ગાળાની અસરોથી બચવામાં મદદ કરી રહ્યા છો.
- રસીકરણ ચેપના ફેલાવો ઘટાડવામાં મદદ કરીને તમામ વયના નબળા લોકો સહિત મિત્રો, પરિવાર અને સમુદાયને સુરક્ષિત રાખવામાં પણ મદદ કરે છે.
- રસીકરણ બાળકોને શાળામાં રાખવામાં અને સામાજિક પ્રવૃત્તિઓમાં ભાગ લેતા રહેવામાં મદદ કરે છે, કે જે તેમના શિક્ષણ અને વિકાસ માટે મહત્વપૂર્ણ છે.

વિશ્વભરના લાખો બાળકોને COVID-19 સામે સલામત રીતે રસી અપાઇ ચૂકી છે. પુરાવા દર્શાવે છે કે, રસીકરણ બાળકોમાં COVID-19થી થતી ગંભીર બીમારી સામે ઉત્તમ રક્ષણ પ્રદાન કરે છે અને તમારા પરિવારને સુરક્ષિત અને સાજા રાખવામાં મદદ કરે છે.

## શું બાળકોને પુખ્ત વયના લોકો જેવી જ રસી અને તેટલો જ ડોઝ મળે છે?

**ના.** ૫ – ૧૧ વર્ષના બાળકોને માટે માન્ય રસી બાળરોગને લગતી એક વિશેષ Pfizer (Comirnaty) રસી છે, જેમાં ૮ અઠવાડિયાને અંતરે બે ડોઝ આપવામાં આવે છે.

૫ – ૧૧ વર્ષના બાળકોમાં Pfizer રસીનો ડોઝ ૧૨ વર્ષ કે તેથી વધુ વયના લોકોને આપવામાં આવેલા ડોઝના લગભગ ત્રીજા ભાગ જેટલો છે. આ વય જૂથમાં ઓછો ડોઝ વાપરવામાં આવે છે કારણ કે, તેનાથી ૧૨ વર્ષ કે તેથી વધુ વયના લોકોને આપવામાં આવેલા ડોઝ જેટલું જ ઉચ્ચ સ્તરનું રક્ષણ પ્રાપ્ત કરી શકાય છે.

## શું બાળકોમાં આડઅસરો પુખ્ત વયના લોકો જેવી જ છે?

**હા.** COVID-19 રસી લીધા પછી બાળકો પણ પુખ્ત વયના લોકો જેવી જ સામાન્ય આડઅસરોનો અનુભવ કરી શકે છે.

આ આડઅસરો સામાન્ય રીતે હળવી હોય છે અને એક કે બે દિવસ પછી મટી જાય છે અને તેમાં નીચેનાનો સમાવેશ થઇ શકે છે:

- માથું દુ:ખવું
- ઠંડી લાગવી અને તાવ આવવો
- નબળાઇ/થાક
- સ્નાયુઓમાં દુ:ખાવો અને ઇંજેક્શન આપ્યું હોય ત્યાં હાથમાં દુ:ખાવો

હળવી આડઅસરો સામાન્ય છે અને તે બતાવે છે કે, રોગપ્રતિકારક શક્તિ રસીનો પ્રતિસાદ આપી રહી છે. રસીઓને લીધે થતી વધુ ગંભીર આડઅસરો ભાગ્યે જ થાય છે, પણ તે જ આડઅસરો COVID-19નો ચેપ લાગવાથી થવાનું જોખમ ઘણું વધારે છે. જો આડઅસરો ચાલુ રહે અથવા તમને ચિંતાજનક લાગે તો, તમારા જીપી સાથે વાત કરો.


© NSW Ministry of Health December 2021

### શું ગંભીર આડઅસરના જોખમનો અર્થ એ છે કે, મારે મારા બાળકને રસી ન આપવી જોઇએ?

**ના.** ઓસ્ટ્રેલિયામાં ઉપયોગમાં લેવાતી તમામ COVID-19 રસીઓ સારી સલામતી રૂપરેખા ધરાવે છે અને તેને મંજૂરી આપવામાં આવે અને ઉપયોગ માટે ભલામણ કરવામાં આવે તે પહેલાં થેરાપ્યુટિક ગુડ્ઝ એડમિનિસ્ટ્રેશન (TGA) અને ઓસ્ટ્રેલિયાના રોગપ્રતિરોધકતા વિષયના તકનીકી સલાહકાર જૂથ (ATAGI) દ્વારા તેમનું સખત પરિક્ષણ અને મૂલ્યાંકન કરવામાં આવ્યું છે.

આજ સુધીમાં યુ.એસ.એમાં ૫૦ લાખથી વધુ બાળકો અને વિશ્વભરમાં ૫ થી ૧૧ વર્ષની વયના વધુ લાખો બાળકોએ સલામત રીતે COVID-19 રસી મેળવી છે.

### શું COVID-19 રસીકરણ મારા બાળકના વૃદ્ધિ, વિકાસ અથવા ભવિષ્યમાં પ્રજનન ક્ષમતાને અસર કરશે?

**ના.** COVID-19 રસી બાળકના વૃદ્ધિ અને વિકાસને અસર કરી શકે છે તેવા કોઇ પુરાવા નથી.

COVID-19ની લાંબા ગાળાની અસરો, આરોગ્ય અને સુખાકારી પર કાયમી અસરો કરી શકે છે. વાયરસનો ચેપ લાગવાથી થતી જટિલતાઓનું જોખમ રસીકરણની સામાન્ય રીતે હળવી આડઅસરો કરતાં વધુ હોય છે.

### જો મારા બાળકને પહેલાં જ COVID-19નો ચેપ લાગી ચુક્યો હોય તો તેમને રસી આવી જોઇએ?

**હા.** જે બાળકોને COVID-19 થયું છે તેમનું તેમની બીમારીમાંથી સાજા થયા પછી રસીકરણ થવું જોઇએ જેથી બીજા ચેપ સામે રક્ષણ મળી શકે.

### શું મારા બાળકને મારી સંમતિ વગર રસી આપી શકાય છે?

**ના.** ૫ – ૧૧ વર્ષના બાળકોને COVID-19 રસી લેવા માટે માતાપિતા અથવા કાનૂની વાલીની સંમતિની જરૂર પડે છે.

બુકિંગ કરતી વખતે અને ફરી એપોઇન્ટમેન્ટના દિવસે સંમતિ જરૂરી છે. જો માતાપિતા અથવા વાલી બાળક સાથેની એપોઇન્ટમેન્ટમાં હાજર રહી શકે તેમ ન હોય તો, તેઓ બુકિંગ પ્રક્રિયા દરમ્યાન ઓનલાઇન સંમતિ પૂર્ણ કરતી વખતે તેમના બદલે એપોઇન્ટમેન્ટમાં હાજર રહેવા માટે પુખ્ત વયના અન્ય વ્યક્તિની નિમણૂંક કરી શકે છે.

બુકિંગ દરમ્યાન નિમણૂંક કરેલ પુખ્ત વયના વ્યક્તિની વિગતો પૂરી પાડવી આવશ્યક છે જેથી તેમની ઓળખ અને અવેજી દ્વારા સંમતિ આપવાની પરવાનગીની એપોઇન્ટમેન્ટના દિવસે ખરાઇ કરી શકાય.

સંમતિ વિષે વધુ માહિતી માટે, Vaccination consent FAQs for parents and guardians (માતાપિતા અને વાલી માટે રસીકરણ સંમતિ વારંવાર પૂછાતાં પ્રશ્નોની) મુલાકાત લો.

### શું બાળકો માટે COVID-19 રસીકરણ ફરજિયાત છે (શાળા અને રમતગમત વગેરે સહિત)?

**ના.** COVID-19 સામે રસીકરણ ફરજિયાત નથી, પરંતુ તેને ખૂબ પ્રોત્સાહન આપવામાં આવે છે.

બાળકોને શાળા અથવા સમુદાયિક રમતગમતની પ્રવૃત્તિઓમાં ભાગ લેવા માટે COVID-19 રસી લીધેલી હોવાની કોઇ જરૂર નથી.

### શું મારું બાળક બુસ્ટર રસીકરણ લઇ શકે છે?

**ના.** પ્રાથમિક રસીકરણ કોર્સ નાની ઉંમરના લોકોમાં મજબૂત રોગપ્રતિકારક પ્રતિભાવ ઉત્પન્ન કરે છે.

ભવિષ્યમાં આ વય જૂથ માટે બુસ્ટર ડોઝની જરૂર હશે તો ATAGI તે અંગે વિચારણા કરશે.

### શું બાળકોને શાળામાં COVID-19 સામે રસી આપવામાં આવશે?

**ના.** તમારા જીપી, સ્થાનિક દવાની દુકાન, એબોરિજિનલ કમ્યુનિટી કંટ્રોલ્ડ હેલ્થ સર્વિસીસ અથવા એનએસડબલ્યુ આરોગ્ય રસીકરણ કેન્દ્ર મારફતે તમારા બાળકની COVID-19 રસી માટે બુકિંગ કરો.

### હું બુક કેવી રીતે કરું?

માતાપિતાને શક્ય તેટલી વહેલી તકે તેમના બાળક માટે રસીકરણની એપોઇન્ટમેન્ટ બુક કરાવવા પ્રોત્સાહિત કરવામાં આવે છે.

**અત્યારે જ ઓનલાઇન બુક કરો** - www.nsw.gov.au/COVID-19/vaccination/get-vaccinated

**બુક કરવા ફોન કરો:** બુકિંગ હેલ્પ લાઇન: 1800 57 11 55 / અનુવાદ અને દુભાષિયા સેવા (TIS): 131 450


© NSW Ministry of Health December 2021